પૂર્વછાયો- વળી કહું એક વારતા, સૌ સાંભળજ્યો સાક્ષાત ।
એહ ગામમાં અસુરનો, અતિ થાવા લાગ્યો ઉતપાત ॥૧॥
માત પિતાએ મનમાં, વળતો તે કર્યો વિચાર ।
ઈયાં રહેતાં આપણને, થયાં વિઘન વારમવાર ॥૨॥
આપણે છે મિરાંથ્ય એટલી, જાણો જીવનદોરી જીવન।
તેને વિઘન જો વ્યાપશે, તો થાશું બેઉં નિરધન ॥૩॥
માટે આંહિંથી ઉચળિને, જાયે અયોધ્યાપુર ।
પવિત્ર ધામ શ્રીરામનું, ત્યાં નહિ આવે અસુર ॥૪॥

ચોપાઇ- પછી ગાડે ઘરની સમૃદ્ધિ રે, લેવા જેવી તે સરવે લીધિ રે।
પછી સંબંધી પાસે શિખ માગી રે, ચાલ્યા સુતે સહિત સુભાગી રે ॥૫॥
બેઠાં શકટે ધર્મ ભગતિ રે, દોય સુતને તેડી દંપતિ રે ।
જનક પાસે બેઠા છે જોખન રે, માના ખોળામાં બેઠા મોહન રે ॥૬॥
ચલાવ્યાં ગાડલાં ધીરે ધીરે રે, આવ્યા સંધ્યા સમે સર્યૂ તીરે રે ।
લાવ્યો વાણ ખેવટ તે વાર રે, બેશી ઉતરિયા ગંગાપાર રે ॥૭॥
લીધો સર્વે સમાજ સંભાળી રે, જોઈ સર્યૂની શોભા રૂપાળી રે ।
તિયાં જળ સુંદર અમળ રે, કાંઠે ફુલિયાં છે કમળ રે ॥૮॥
રાતાં પોયણાં તિયાં રૂપાળાં રે, નાળી ફુલ છે સુગંધીવાળાં રે ।
તિયાં સારસ હંસ છે રૂડા રે, કુંજિ બદકુ જળકુકડા રે ॥૯॥
કરે પરસ્પર પંખી નાદ રે, જાણું નાવાને કરે છે સાદ રે ।
એમ શોભે છે સરયૂ ઘણી રે, કાંઠે કુસુમવાડી બહુ બણી રે ॥૧૦॥
ગુલાબ ગુલહજારી ઘણાં રે, બહુ વન ત્યાં તુલસીતણાં રે ।
ગુલદાવદી ને ગટુલિયાં રે, કેસર કર્ણિકા કુંભિ ફુલિયાં રે ॥૧૧॥
જાઈ જુઈ જુથિકા શેવતી રે, માધવી મલ્લિકા ને માલતી રે ।
કુંદ કેશુ કરેણ કેતકી રે, રહ્યા નિર્માલિ નિર્વારિ બેકી રે ॥૧૨॥
ચંપા ચમેલી ચંદન ચારુ રે, ગુલશોમન ગુલ હજારુ રે ।
પિયાવાસ પાડલ જાસુલ રે, બોરસરી વસંતનાં ફુલ રે ॥૧૩॥
મરવા સુગંધી આંબાના મોર રે, બેકે કેવડા ઠોરમઠોર રે ।

ફુલ કોટિમ ફળ રસાળ રે, બહુ વિવિધ ભાતે વિશાળ રે ॥૧૪॥
એવી શોભા સરયૂતીર તણી રે, વળી કહીએ શું મુખથી ઘણી રે ।
બહુ વેદીયા બેઠા વિપર રે, કરે સ્નાન ને સંધ્યા સુંદર રે ॥૧૫॥
દેવમંદિર બહુ તીર્થ તીરે રે, શોભે સર્જૂ નિર્મળ નીરે રે ।
વાડી વન સરજૂ તે વાર રે, પ્રભુ પધાર્યે શોભ્યાં અપાર રે ॥૧૬॥
જીયાં આવ્યા પોતે ઘનશ્યામ રે, તેણે કરી થયાં શોભાધામ રે ।
એવી શોભા જોઈ છે સમસ્ત રે, ત્યાં તો અર્ક પામિયો છે અસ્ત રે ॥૧૭॥
ત્યારે દીવા કર્યા છે બહુ તીરે રે, તેનાં પડ્યાં પ્રતિબિંબ નીરે રે ।
કાંઠાપર હવેલી છે ઘણી રે, કરી હાર્યો ત્યાં દીપક તણી રે ॥૧૮॥
તટ હવેલીના દીવા મળી રે, તેણે પુરી રહી ઝળમળી રે ।
એવું શહેર સોયામણું ઘણું રે, રચેલ છે મનુરાજ તણું રે ॥૧૯॥
વળી ઈક્ષ્વાકુ કુળના જેહ રે, તેને રહેવાનું સ્થાનક એહ રે ।
એવું શહેર સુંદર વિશાળા રે, તિયાં આવિયાં ધર્મ ને બાળા રે ॥૨૦॥
વળી વાસુદેવ ભગવાન રે, જન્મી રામ થયા જેહ સ્થાન રે ।
એવી પુરી પવિત્ર ઘણી રે, વાડી વને વિંટી સોયામણી રે ॥૨૧॥
શોભે શેરી બજારો ચૌવટા રે, રૂડા રાજમારગ વાળ્યા મોટા રે ।
સાત માળની હવેલી સાર રે, શોભે કૈલાસ ગિરિ આકાર રે ॥૨૨॥
બની પંગતિ તેની અપાર રે, શોભે બરોબર તેનાં બાર રે ।
વળી હાટ વિવેકે વિભાગે રે, બરોબર સુંદર સારાં લાગે રે ॥૨૩॥
ક્યાંક વેચાય દુધ ને દઈ રે, ક્યાંઈ ઘૃત મિસરી ને મઈ રે ।
ક્યાંક ફળ ફુલ વળી પાન રે, ક્યાંક વસ્ત્ર શસ્ત્રના સામાન રે ॥૨૪॥
ક્યાંક વાસણ ભૂષણવાળા રે, ક્યાંક ઝવેરી ને મોતિયાળા રે ।
ક્યાંક ગજબાજ શણગારી રે, ફરે નિત્ય તેની અસવારી રે ॥૨૫॥
ક્યાંક અનેક અન્ન રસાલું રે, ક્યાંક શાક સુંદર બકાલું રે ।
ક્યાંક હાટ હારે હલવાઈ રે, વેંચે વિવિધ ભાત્યે મિઠાઈ રે ॥૨૬॥
ક્યાંક ગાંધી મોદી મણિયાર રે, ક્યાંક નાણાવટી તણી હાર રે ।
ક્યાંક માળીને તંબોળી તેજ રે, ક્યાંક સાલવી ને રંગરેજ રે ॥૨૭॥

ક્યાંક ગાન તાન ને ગવૈયા રે, એમ સૌ કોઈ વિભાગે રૈયા રે ।
ક્યાંક વિપ્ર કરે વેદાભ્યાસ રે, ક્યાંક બાળ ભણે પંડા પાસ રે ॥૨૮॥
ક્યાંક ક્ષત્રિતણી સભા સાર રે, ક્યાંક વૈશ્ય કરે છે વેપાર રે ।
ક્યાંક શુદ્ર કરે સેવા સારી રે, સહુ વર્ણધર્મ રહ્યા ધારી રે ॥૨૯॥
ક્યાંક લડેછે મલ્લ અખાડી રે, ખેલે કુસ્તિ પેચ ને લાકડી રે ।
ક્યાંક પડી છે રુની મલિયો રે, એમ શોભે છે શેરી ને ગલિયો રે ॥૩૦॥
વળી વસે બહુ વીતરાગી રે, રામ ઉપાસી ત્રિયાના ત્યાગી રે ।
બહુ મંદિર ને ધર્મશાળું રે, તેણે લાગે છે શહેર રૂપાળું રે ॥૩૧॥
પુષ્પ ચંદને છાંટ્યા છે ચોક રે, દેવ સરિખાં વસે છે લોક રે ।
રામ સીતા લછમન જતિ રે, બહુ મંદિરે તેની મૂરતિ રે ॥૩૨॥
તિયાં નિત્યે ઉઠી નરનાર રે, આવે દર્શને કરી પ્યાર રે ।
થાય આરતીના ઝણકાર રે, કરે ઉત્સવ જન અપાર રે ॥૩૩॥
ઝાંઝ મૃદંગ ઝાલરી શંખ રે, ભેરી તુરી ને વીણા અસંખ્ય રે ।
થાય નાદ તેનો પુરમાંઇ રે, ઘોષે શહેર રહ્યું સર્વ છાઇ રે ॥૩૪॥
ચાલ્યાં જાય એમ સાંભળી નાદ રે, પ્રેમવતી ને હરિપ્રસાદ રે ।
વળી બની શોભા દિવાતણી રે, જાણું હાર માંડી મણિ ઘણી રે ॥૩૫॥
તેને પ્રકાશે શેરી બજારો રે, ફરે ઉજાસે લોક હજારો રે ।
એવી શોભા જોતાં નરનાર રે, આવ્યાં શહેર ઉલંઘી આ પાર રે ॥૩૬॥
રામઘાટ નિરખી નજરે રે, આવ્યાં બર્હટા શાખા નગરે રે ।
તિયાં અગ્નિહોત્ર થાય બહુ રે, હોમે હવિષ્યાન્ન ઘૃત સહુ રે ॥૩૭॥
તે સુગંધી લઇ નિજધામ રે, આવી રહ્યાં કરી વિશરામ રે ।
પછી નિત્ય પ્રત્યે સર્જૂ નાઇ રે, કરે સંધ્યા ને વંદન ત્યાંઇ રે ॥૩૮॥
વળી કરે છે કૃષ્ણની સેવ રે, દેખી કરે તેમ હરિ દેવ રે ।
હરિ બુદ્ધિએ છે બહુ ધીર રે, સાધુ સ્વભાવે શોભે શરીર રે ॥૩૯॥
ખાન પાન ખુબી ખેલ જેહ રે, નથી ગમતું અંતરે એહ રે ।
તાત સંગાથે સરયૂ નાઇ રે, પાછા આવે જ્યારે ઘરમાંઇ રે ॥૪૦॥
ત્યારે કરે શ્રીકૃષ્ણની મૂર્તિ રે, પૂજે તેને ભાવે કરી અતિ રે ।

રમ્યામાં પણ અરુચિ ઘણું રે, વળી સદા ગમે શુચિપણું રે ॥૪૧॥
એમાં કોઈ જો કરે વિઘન રે, તેશું કેદિ મળે નહિ મન રે ।
કથા કીર્તનમાં બહુ પ્રિત રે, સુણે રામનાં ચરિત્ર નિત્ય રે ॥૪૨॥
જેમાં હોય સાધુતા અપાર રે, એવા જનશું પોતાને પ્યાર રે ।
ગમે નહિ અસાધુતા રંચ રે, એમ કરતાં વર્ષ થયાં પંચ રે ॥૪૩॥
ત્યારે કુમારાવસ્થા ઉતરી રે, પામ્યા પૌગંડાવસ્થાને હરિ રે ।
ત્યારે સરજૂ ગંગામાં નાવા રે, માંડ્યું આપે એકલું ત્યાં જાવા રે ॥૪૪॥
સીતા રામ લછમન હનુ રે, કરે સ્મરણ નિત્ય એહનું રે ।
વળી તાતના મુખથી પર્મ રે, સુણ્યા સતપુરુષના ધર્મ રે ॥૪૫॥
વર્ણાશ્રમ વળી ત્રિયા તણા રે, કહ્યા છ વર્ષે ધર્મે જે ઘણા રે ।
તેતો સર્વે રાખ્યા છે સંભારી રે, નથી મેલ્યા મનથી વિસારી રે ॥૪૬॥
બાળપણામાં બુદ્ધિ છે ઘણી રે, કાંઈક મુખ પાઠે લીધું ભણી રે ।
વળી સુણે છે શ્રીભાગવત રે, તેતો પોતાને વ્હાલું અત્યંત રે ॥૪૭॥
ઘણો હરિજનમાં છે સ્નેહ રે, બીજા સાથે બહુ નિઃસ્પ્રેહ રે ।
ત્યાગ વૈરાગ્ય તનમાં બહુ રે, દેખી આશ્ચર્ય પામે છે સહુ રે ॥૪૮॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે અયોધ્યાપુરી
વર્ણન ને ધર્મભક્તિ ત્યાં વસ્યાં એ નામે વીશમું પ્રકરણમ્ ॥૨૦॥